PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૨/કવા–૦૧/૧૮–૧૯/ 307-3 તા. 7/8/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મનસુખલાલ ટી. ફળદુ,
વિનાયક મશીન ટુલ્સ,
સમ્રાટ ઈન્ડ. એરીયા–૨૫
વર્કશોપ પાછળ
ગોંડલ રોડ રાજકોટ
મો: ૯૮૨૪૦૦૯૩૬૫
પીનકોડ 360004

વિષય –ટેમ્પરરી રીફંડ ના ચેક બાબત

સંદર્ભ:– આપની અરજી તા. ૨૬–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૨/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગ...)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉદ્યોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. :સીજીઆરએફ : ૮૨/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૮ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મનસુખલાલ ટી. ફળદુ ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા)**

**પીજીવીસીએલ (કચેરી) : ઉધોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)**

**રજુઆત કરનાર :એન.ડી.રૂપાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : ટેમ્પરરી રીફંડ ના ચેક બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૦૮–૦૩–૧૮ ના રોજ ટેમ્પરરી રીફંડ મેળવવા માટે ની અરજી કરેલ હતી તેમ છતા ૦૩–૦૪ માસ સુધી પીજીવીસીએલ દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, જેથી રૂ.૪૫૭૧૫/–નો ચેક રીફંડ મેળવવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ઉધોગનગર પેટા વિભાગીય કચેરી ના વીજ ગ્રાહક શ્રી મનસુખલાલ ટી. ફળદુ એ તેમના પીડીસી વીજજોડાણ નં. ૩૧મ૦૧/૬૧૩૧૨/૦ ની ડીપોઝીટ રીફંડ માટે તા.૦૮–૦૩–૧૮ ના રોજ અરજી કરેલ હતી. પરંતુ, સદર કેઈસ ની સંપુર્ણ કેઈસ ફાઈલ ની ચકાસણી કરવામા આવતા તા.૦૪–૦૭–૧૮ ના રોજ ચેક નં. –૦૩૭૩૩૧ ના રોજ રૂ.૪૫,૬૭૧/– ચુકવેલ છે આમ, અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય, તે બદલ અરજદારે તા.૦૪–૦૭–૧૮ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે |

**મુદદા નં.–૩ : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન ૨.૧ મુજબ ની વિગતે, ટેમ્પરરી જોડાણ નં –૩૧૫૦૧ પેટે ભરપાઈ કરેલ ડીપોઝીટ ની રકમ તા.૦૪–૦૭–૧૮ ના રોજ ચેક નં. –૦૩૭૩૩૧ ના રોજ રૂ.૪૫,૬૭૧/– ચુકવેલ છે આમ, અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય, તે બદલ અરજદારે તા.૦૪–૦૭–૧૮ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

મુદ્દા નં. –૪

| | |
|---|---|
| ૪.૧ | સદર કઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગત અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ના તા.૦૪–૦૭–૧૮ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ છે, જે બાબતેની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ:** જો સંદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની ઓફિસ, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સામે લેખિત અપીલ અરજી કરી શકશે. અપીલ અરજી જો નાણાંકિય બાબત સબંધિત હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.